


શહેરના સે. ૩-ડી ખાતે આવેલ શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ જીનાલયની આજે ૧૧મી સાલ ગિરાહ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે એક દિવસીય ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ.પૂ. આચાર્યશ્રી અરૂણોદય સાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં મૂળ નાયક આદિશ્વર ભગવાનની ધજારોહણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન સમુદાય ઉપસ્થિત રહ્યો હતો. (તસવીર : દિપક જાની)

# ઈન્ફોસિટી દાવત રેસ્ટોરન્ટમાં પિરસેલી ડીશમાંથી વંદા નિકળ્યા

## શહેરના સે. ૪માં રહેતા રહિશ બપોરે જમવા ગયા હતા જ્યા તેમને આપવામાં આવેલી ડીશમાંથી મરેલા વંદા નિકળતા ચોકી ઉઠ્યા હતા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં ખાણી-પીણીની હાટડીઓ અને હોટલ રેસ્ટોરન્ટો બિલાડીની ટોપની જેમ ફુટી નિકળી છે. માત્ર ઈન્ફોસિટીની વાત કરીએ તો આ વિસ્તારમાં એક દુકાન છોડીને બીજી દુકાને હોટલનો ધંધો ચાલે છે. તો બીજી તરફ અહિં મળતી ચીજવસ્તુઓ અને ખોરાક કેટલી હદે આરોગ્યપ્રદ છે તેની સામે પ્રશ્નાર્થ છે. તંત્ર દિવસભર બગાસા ખાવામાંથી ઉંચુ નથી આવતુ. ને કાગળ પર જ હોટલના ચેકીંગ બતાવી દે છે. જે તાજેતરમાં ગાંધીનગરના એક યુવાન ગૃપને થયેલા કડવા અનુભવથી ફલીત થયું છે. ઈન્ફોસિટીની એક હોટલમાં મિત્રોએ જમવા માટે ડીશ મંગાવી તેની સાથે આવેલી સલાડની ડીશમાંથી મરેલા વંદા નિકળતા તેઓ પણ ચોંકી ગયા હતા. આ કિસ્સાથી તંત્રની કામગીરી પર પણ મોટી શંકા ઉઠવા પામી છે. હોટલ સંચાલકને ફરિયાદ કરતા તેને પણ હાથ અદ્ધર કરી દેતા બધુ જ રામભરોસે ચાલતુ હોવાનુ દેખાઈ રહ્યું છે.


શહેરનો વિસ્તાર વધતો જાય છે તેમ વેપારીઓ પણ વધતા જાય છે. આ વેપારીઓ વધુ નફો રળવાની ઘેલછામાં ગ્રાહકોના આરોગ્ય સાથે પણ ચેડા કરતા હોય તેવું લાગી રહ્યું છે. આજે બપોરના સમયે સેક્ટર-૪-એમાં રહેતા



રાજકુમાર પરમાર શહેરના પોશ વિસ્તાર ગણાતા ઈન્ફોસિટીમાં આવેલી દાવત રેસ્ટોરન્ટમાં પોતાના મિત્રો સાથે જમવા માટે ગયા હતા. રાજે જમવા માટે મેનુ જોઈને ડીશનો ઓર્ડર કર્યો હતો. આ ડીશની સાથે જમવા માટે દાવત રેસ્ટોરન્ટના વેટરે સલાડની ડીશ પણ પિરસી હતી.

રાજ અને તેના મિત્રો સલાડ ખાવાની શરૂઆત કરતા હતા ત્યાં જ ડીશમાં વંદો દેખાતા રાજ અને તેના મિત્રો ચોંકી ઉઠ્યા હતા. અને તેમણે તરત દાવત હોટલના સ્ટાફને જાણ કરી હતી અને કહ્યું કે આમા તો મરેલા વંદા છે. ત્યારે સ્ટાફે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતા કહ્યું કે અમને કાઈ ખબર નથી અમારા મેનેજર આવે એટલે આવજો. સ્ટાફનો આવો જવાબ સાંભળી રાજકુમાર પરમાર અને તેના મિત્રો ત્યાંથી તરત ઉભા થઈને હોટલની બહાર નિકળી ગયા હતા.

ત્યારે વધુ નફો રળવાની દાનત રાખતા આવા વેપારીઓ સામે તંત્ર કેમ આળશ રાખી રહ્યુ છે. તંત્ર દ્વારા કાગળ પર કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે આવા કેસ કેમ પકડાતા નથી. તેથી તંત્રની પ્રમાણિકતા પર પણ શંકા ઉપજાવે છે.



ગાંધીનગર શહેરની બહાર ગાંધીનગર કોબા હાઈવે પર રસ્તાની બંને બાજુ દિવાલ બનાવવાનું અને ઊંચી ફેન્સીંગ બનાવવાનું કામ તંત્ર દ્વારા જોરશોરથી ચાલી રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# અંબાપુર પાટિયા પાસે કારની અડફેટે રીક્ષાચાલક યુવાનનું મૃત્યુ

## અકસ્માત સર્જીને કારચાલક કાર સાથે ફરાર : નભોઈનો યુવાન મોતને ભેટ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર આવેલા અંબાપુર ગામના પાટિયા પાસેથી પસાર થતી ઓટો રિક્ષાને બેફામ ગતિએ નીકળેલી અજાણી કારે અડફેટે લઈ લેતા રિક્ષા સાથે તેનો ચાલક પણ રસ્તા વચ્ચે ફંગોળાઈને પટકાયો હતો. રિક્ષા ચાલક યુવાનનું આ અકસ્માતમાં કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. તો બીજી તરફ અકસ્માત કરીને કાર સાથે જ કારચાલક રફૂચક્કર થઈ ગયો હતો. અડાલજ પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ ઝાલા એ તે આરોપી કારચાલકને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર પાસે આવેલા નભોઈ ગામમાં રહેતો ૩૦ વર્ષીય યુવાન કલાજી કાન્તીજી ઠાકોર રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતો હતો. આજે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં તે યુવાન કલાજી તેની રિક્ષા નં. જી.જે.૧૮ એ.વી ૬૪૪૫ લઈને અંબાપુર રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમ્યાન અંબાપુર ગામના પાટિયા પાસે કોઈ અજાણી કારના બેફામ ડ્રાઈવરે પુરપાટ ગતિએ તેની કાર આ રિક્ષા સાથે ટકરાવી દેતા રિક્ષા અને તેમાં સવાર કલાજી બંને ફંગોળાયા હતા અને કલાજી રસ્તા વચ્ચે પટકાતા માથે અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ અકસ્માતમાં ઘવાયેલા રિક્ષાચાલકને લોહીલુહાણ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો જયાં ફરજ પરના તબીબે તેણે મૃત જાહેર કરતા સન્નાટો મચી જવા પામ્યો હતો. તો બીજી તરફ આ અકસ્માત કરીને આરોપી કાર ચાલક કાર સાથે પળવારમાં પલાયન થઈ ગયો હતો. અડાલજ પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધીને આરોપીની શોધખોળ શરુ કરી છે.

## ચિલોડા-હિંમતનગર હાઈવે પર કામ ઉભી રખાવી

# કારમાં બેસેલી વહુ-દીકરીઓને ઉતારીને ચંદ્રાલા પાસે ટોળાએ આબરુ લૂંટી

## બાઈક પર આવતા ચંદ્રાલાના ત્રણ શખ્સોએ છાલાથી કારમાં સવાર વહુ-દીકરીઓ સાથે ચાલુ વાહને ઠઠા મશ્કરી શરૂ કરી હતી : ચંદ્રાલા આવતા જ મિત્રોને બોલાવી મારઝૂડ પણ કરાવી : રાયોટીંગનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૮

સલામત અને સુરક્ષિત રાજયની ગુલબાંગો ફૂંકતી ગુજરાત સરકારની પોલ ખોલી નાંખતો કિસ્સો આજે રાજયના પાટનગરને અડીને આવેલા ચિલોડા-હિંમતનગર હાઈવે ઉપર બનવા પામ્યો છે. ગુજરાતની સંસ્કૃતિ અને શાલીનતાની વાતોના ધજીયા ઉડાવી દીધા છે. અમદાવાદ થી હિંમતનગર તરફ દીકરીને સાસરે મુકવા જઈ રહેલા પરિવારને ખુબ જ કડવો અનુભવ આ હાઈવે પર આજે ધોળે દહાડે થવા પામ્યો છે. વહુ-દીકરીઓને કારમાં બેસાડીને પરિવાર એક ગાડીમાં હાઈવે પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે રસ્તામાં ચંદ્રાલા પાસે ગાડી રોકાવીને યુવાન ટોળાએ મારામારી કરી વહુ-દીકરીઓની જાહેરમાં આબરુ લુંટવાનો -યાસ કરતા સન્નાટો મચી જવા પામ્યો છે. બેશરમીભર્યુ આ કૃત્ય કરીને આખું ટોળું પલાયન થઈ ગયું હતું. ચિલોડા પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરીને ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

-ાપ્ત માહિતી મુજબ અમદાવાદના ઓઢવ વિસ્તારના રાજેન્દ્રસિંહ તેમની પરિણીત દીકરીને સાસરે મુકવા હિંમતનગર તરફ જઈ રહ્યા હતા. તેમની કારમાં સાથે તેમની પત્ની, દીકરો અને પુત્રવધુ પણ હતી. ચિલોડા-હિંમતનગર હાઈવે પરથી તેઓ કારમાં પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન છાલા પાસે એક બાઈક પર ત્રણ સવારી જતા યુવાનોની વાસનાભરી નજર કારમાં બેસેલી વહુ-દીકરીઓ પર પડી ગઈ હતી. ત્યાં જ તે નરાધમોએ ઠઠા મશ્કરી શરુ કરી દેતા રાજેન્દ્રસિંહએ તેમણે ટોક્યા હતા પરંતુ ત્રણેય માન્યા ન હતા. ગાડીનો છાલાથી ચંદ્રાલા સુધી પીછો કર્યા બાદ ચંદ્રાલા પેટ્રોલ પંપ પાસે બાઈક વડે કાર આંતરીને ઉભી કરાવી દીધી હતી. આ શખ્સો પણ ચંદ્રાલાના જ હતા. ત્યાં બેસેલા બીજા મિત્રોને બુમો પાડીને બોલાવી લઈ રાજેન્દ્રસિંહ અને તેમના દીકરા બંનેની સાથે મારઝૂડ શરુ કરાવી દીધી હતી અને બીજી તરફ જાહેરમાં આ ટોળા દ્વારા પેટ્રોલ પંપ સામે જ જાહેરમાં વહુ-દીકરીઓ ની આબરુ લુંટવાનો -યાસ ચાલી રહ્યો હતો. તેમની સાથે થયેલી ઝપાઝપીમાં દાગીના પણ પડી ગયા હતા અને રાજેન્દ્રસિંહ ની દીકરીના હાથે મચકોડ પણ આવી ગયો હતો. ઈજાગ્રસ્ત પરિવારના સભ્યોને છાલા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. બીજી તરફ જાહેરમાં મારઝૂડ કરીને આબરુ લેવાનો -યાસ કરનાર ટોળું આખું ફરાર થઈ ગયું હતું. રાજેન્દ્રસિંહ ની ફરિયાદ લઈ ચિલોડા પોલીસે ૧૩ થી ૧૪ જણાના ટોળા સામે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# કલાગુર્જરી ગાંધીનગર દ્વારા આઠમા વર્ષનો સુનજા દિલકી દાસ્તાન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૮

પાટનગરની જનતાન છેલ્લા સાત વર્ષથી વિવિધ કાર્યક્રમો પિરસતી કલા ગુર્જરી ગાંધીનગર આઠમા વર્ષનો પ્રથમ કાર્યક્રમ યોજશે. સંસ્થા દ્વારા હિન્દી ફિલ્મ જગતના પાર્શ્વ ગાયક અને સંગીતકારના સદાબહાર ગીતોને રજુ કરતો કાર્યક્રમ યોજવામાં આવશે.

ગાંધીનગરની જનતા એ સંગીતપ્રેમી જનતા છે. આ સંગીતપ્રેમી જનતાએ ગાંધીનગરની કોઈ પણ સંસ્થાનો કાર્યક્રમ હોય તેને સંપૂર્ણ માન આપ્યું છે. ત્યારે આગામી ૧૦મે શનિવારના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે કલા ગુર્જરી સંસ્થાનો 'સુનજા દિલકી દાસ્તાન' કાર્યક્રમ યોજાશે.

જેમાં કલા ગુર્જરી દ્વારા આઠમાં વર્ષના પ્રથમ કાર્યક્રમમાં હિન્દી ફિલ્મ જગતના વિખ્યાત પાર્શ્વ ગાયક અને સંગીતકાર હેમંતકુમારના સદાબહાર ગીતો ચેન્નઈના પાર્શ્વ ગાયક સુરોજિત ગુહા રજુ કરશે તેમજ લતા મંગેશકર, આશા ભોંસલે અને ગીતા દત્તના ગીતો આનલ વસાવડાના કંઠેથી રજુ થશે.

ત્યારે ટાઉનહોલ ગાંધીનગર ખાતે રાત્રે ૯.૩૦ વાગે સંસ્થાના સભ્યોએ તેમજ સંસ્થામાં જોડાવા માગંતા સભ્યોએ પણ સ્થળ પર હાજર રહેવું જેથી નવું સભ્ય પદ આપી શકાય. કાર્યક્રમનું સંચાલન તુષાર જોષી દ્વારા કરવામાં આવશે.

# લોદરા પાસે ગાડીમાંથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકા વિસ્તારમાં આવેલા લોદરા ગામની સીમમાં એક ગાડીમાં બેઠા-બેઠા વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે આજે બપોરના અરસામાં ગાંધીનગર એલ.સી.બી ની ટીમ ત્રાટકી હતી અને રૂ.૨.૪૫ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને રંગેહાથ પકડી પાડીને તેની ધરપકડ કરી લીધી હતી. ફરિયાદમાં બીજા બે વ્યક્તિઓના નામ ખુલ્યા છે. તે બંને હાલ પોલીસ ગિરફ્તની બહાર છે. એલ.સી.બી એ માણસા પોલીસ મથકે આરોપી સોંપતા માણસા પોલીસ તપાસ ચલાવાઈ રહી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારની ટીમના સંદીપસિંહ, સુરેશકુમાર, વિપુલકુમાર, હિંમતસિંહ સહિતના માણસો આજે બપોરના અરસામાં વિજાપુર-લોદરા રોડ પર પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન બાતમી મળી કે માણસા પાસેના લોદરા ગામની સીમમાં એક શખ્સ સેન્ટ્રો ગાડીમાં બેઠા બેઠા વરલી મટકાના જુગારનું કટિંગ કરાવે છે. જેને આધારે દરોડો પાડીને ટીમે ગાડીમાં દેથેલા શખ્સ દિલીપ કચરા દરજીની રંગે હાથ ધરપકડ કરી લીધી હતી. તેની પાસેથી રોકડા ૪૧,૫૦૦ તથા ૪ મોબાઈલ મળી આવ્યા હતા. પોલીસે કાર સહીત કુલ ૨,૪૫,૫૧૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી દિલીપની ધરપકડ કરી લીધી છે. તપાસમાં દિલીપ જેની પાસેથી કટિંગ કરાવતો હતો તે બે વ્યક્તિઓના નામ ખુલ્યા છે. કનુ ઉર્ફે પકો બાબુભાઈ પટેલ અને રણજીતસિંહ જવાનસિંહ દરબાર બે શખ્સોના નામ ખુલતા પોલીસ તે બંને ને પકડી પાડવા દોડતી થઈ છે.



## ગરમીથી અકળાઈને નાગરિકો ઠંડા પીણાના સહારે

લગ્નની સીઝનની સાથે ગરમીની સીઝન પણ પુરબહારમાં ખીલી છે. ગરમીનો પારો દિવસે ને દિવસે ઉંચકાઈ રહ્યો છે ત્યારે શહેરીજનો કાળઝાળ ગરમીથી રાહત મેળવવા ફાંફા મારી રહ્યા છે. બીજી તરફ ઠંડા પીણાનું વેચાણ કરતા ધંધાદારીઓની પણ મોસમ ખીલી છે. ચિલોડા સર્કલની આસપાસ દુકાનો અને ફૂટપાથ ઠેર ઠેર શેરડીના કોલા, તડબૂચના ઠેલા, જ્યુસ સેન્ટરો વગેરે ધમધમી રહ્યા છે. જેનો નાના મોટા, ગરીબ અમીર, રાહદારી માલધારી સૌ કોઈ ઠંડક મેળવતા નજરે છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮
સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૪૨.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૨૯ ટકા ● સાંજે ૧૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ : ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૪.૪૫
: સ્ક્રીન-૨ :
મસ્તરમ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૩૦
યે હૈ બકરાપુર : ૪.૩૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૧૫
કોયેલાનચલ: ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૧૫
કોયેલાનચલ: ૪.૪૫, ૭.૩૦
: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૨.૩૦
કોયેલાનચલ : ૫.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ (અંગ્રેજી) :
૯.૩૦, ૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ૩ડી (હિન્દી) : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૧૫
૨ સ્ટેટસ : ૭.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ: ૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૫.૦૦, ૭.૩૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૪ :
મસ્તરમ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૮.૩૦, ૧૦.૪૫
૨ સ્ટેટસ્ : ૫.૧૫

### આર વર્લ્ડ (અડાલજ)

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કોયલાનચલ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૦૦
હવાહવાઈ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
કોયલાનચલ : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
મસ્તરામ : ૧૨.૩૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ છોટાભાઈ પટેલ (ઉ.વ. ૮૫) મુ.પો.આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગિરધરલાલ અંબાલાલ પ્રજાપતિ (ઉ.વ. ૬૭) મુ.પો. માણેકપુર, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ક્રિશ્નાબેન બાબુલાલ દરબાર (ઉ.વ. ૫૭) પ્લોટ નં. ૧૫૧/૨, સેકટર-૧૬, ગાંધીનગર.
- સ્વ. સાનાબેન હજુરીલાલ યાદવ (ઉ.વ. ૭૦) બી/જી-૩ આરબીએલ, સેકટર-૨૬, ગાંધીનગર.